# COVIDSafe એપ વિષયક ગોપનીયતા નીતિ

તમારી અંગત માહિતી કેવી રીતે સંચાલિત થાય છે, તે જાણો.

**આ પાના પર**


- કઇ અંગત માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે અને શા માટે એકત્રિત કરવામાં આવી રહી છે?
- અંગત માહિતી કઇ રીતે એકત્રિત કરવામાં આવશે?
- અંગત માહિતીનો સંગ્રહ કઇ રીતે કરવામાં આવશે?
- અંગત માહિતીનો ઉપયોગ કઇ રીતે કરવામાં આવશે અને તે કેવી રીતે જાહેર કરવામાં આવશે?
- શું અંગત માહિતીનો નાશ કરી શકાય છે?
- શું ઉપયોગકર્તા અંગત માહિતીને સુધારી અથવા મેળવી શકે છે?
- ગોપનીયતા વિષે વધુ માહિતી
- અમારો સંપર્ક


**અંગ્રેજી સિવાયની ભાષાઓમાં COVIDSafe** ગોપનીયતા નીતિ વાંચો

ઓસ્ટ્રેલિયાનું આરોગ્ય ખાતું (ખાતું), ડિજીટલ ટ્રાન્સફોર્મેશન એજન્સીની સહાયથી, રાજ્ય અને શાસિત પ્રદેશોના આરોગ્ય અધિકારીઓ **(આરોગ્ય અધિકારીઓ)** ને COVID-19 ને ફેલાતો અટકાવવા સંપર્કમાં આવેલાઓને શોધી કાઢવામાં મદદ માટે, COVIDSafe ને અમલમાં મૂકી રહ્યું છે.

સંપર્કમાં આવેલાને શોધી કાઢવા, એ રોગના ફેલાવા વખતે, જાહેર આરોગ્ય પ્રતિસાદનું મૂળભૂત તત્ત્વ છે. તે એવા લોકોને શોધી કાઢવાની પ્રક્રિયા છે કે, જેઓ COVID-19 થયો હોય તેવા કોઇના સંપર્ક માં આવ્યા હોય, જેથી તેમને COVID-19 વધુ ફેલાતો અટકાવવામાં મદદ માટે પગલાં લેવાનું સૂચવી શકાય (જેમકે તપાસ કરાવવી અથવા પોતે બીજાઓથી દૂર રહેવું).

આ ગોપનીયતા નીતિ, COVIDSafe દ્વારા એકત્રિત કરવામાં આવેલી અંગત માહિતીનો, ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮ *(Privacy Act 1988)* હેઠળ કઇ રીતે ઉપયોગ કરવામાં આવશે તે નક્કી કરે છે. COVIDSafe એપના ઉપયોગકર્તાઓ અને એપ દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીને વધુ મજબૂત ગોપનીયતા સુરક્ષા પૂરી પાડવા માટે આ કાયદાને, મે ૨૦૨૦માં ગોપનીયતા સુધારા (જાહેર આરોગ્ય સંપર્ક માહિતી) અધિનિયમ ૨૦૨૦ હેઠળ સુધારવામાં આવ્યો હતો.

સ્વાસ્થ્ય વિભાગના સચિવે ઠરાવ્યું છે કે, આ ડિજીટલ ટ્રાન્સફોર્મેશન એજન્સી (અમે, અમારું) રાષ્ટ્રીય COVIDSafe માહિતી સંગ્રહના વ્યવસ્થાપક છે. તેઓ માત્ર આ નીતિ અને *ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮* હેઠળ તમારી માહિતી એકત્રિત, સંગ્રહ અથવા જાહેર કરશે. ઓસ્ટ્રેલિયાના આરોગ્ય ખાતાનું, આ એપ વાપરવાથી એકત્રિત થયેલ તમારી અંગત માહિતી મેળવી શકશે નહિં.

## કઇ અંગત માહિતી એકત્રિત કરવામાં આવશે અને તે શા માટે એકત્રિત કરવામાં આવી રહી છે?

જ્યારે તમે COVIDSafeના વપરાશ અને માહિતી અપલોડ માટે નોંધણી કરાવો છો ત્યારે, સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા હાથ ધરવામાં મદદ માટે અમે અંગત માહિતી એકત્રિત કરીએ છીએ.

### જ્યારે તમે COVIDSafeમાં નોંધણી કરાવશો ત્યારે,

અમે તમારી નીચેની માહિતીના સંગ્રહ માટે સંમતિ આપવા જણાવીશું:

- **મોબાઇલ ફોન નંબર** – જેથી સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા થકી તમારો સંપર્ક કરવાની જરૂર પડે તો કરી શકાય
- **નામ** – જેથી સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા થકી જે તે આરોગ્ય અધિકારી ખાતરી કરી શકે કે, તેઓ સાચી વ્યક્તિ સાથે વાત કરી રહ્યા છે. જો તમે તમારું આખું નામ આપશો તો વધુ સરળતા રહેશે, પરંતું તમે ઇચ્છો તો ઉપનામ અથવા નકલી નામ પણ આપી શકો છો.
- **વય શ્રેણી** – જેથી જરૂર પડ્યે, આરોગ્ય અધિકારીઓ સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા દરમ્યાન કિસ્સાઓને પ્રાથમિકતા આપી શકે
- **પોસ્ટકોડ** – તમારા વિસ્તારમાં કામ કરતાં યોગ્ય રાજ્ય કે શાસિત પ્રદેશના આરોગ્ય અધિકારીઓ જ તમારો સંપર્ક કરે, અને સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા દરમ્યાન જે તે કિસ્સાઓને પ્રાથમિકતા આપી શકાય, ઉ.દા. વધુ કિસ્સા નોંધાયા હોય તેવા વિસ્તારો

જો તમે ૧૬ વર્ષથી નીચેની વયના હોવ તો, તમારા માતાપિતા અથવા વાલીએ તમારી નોંધણીની માહિતી અને સંપર્કની માહિતી એકત્રિત કરવા દેવાની સંમતિ આપવી પડશે.

### જ્યારે તમે COVIDSafe વાપરો છો ત્યારે,

તમારી એપ ફક્ત નીચેની **સંપર્કની માહિતી** જ નોંધશે: (૧) એનક્રિપ્ટેડ યુઝર આઇડી(ગુપ્ત સંજ્ઞાઓ કે ચિન્હોમાં ફેરવાયેલ ઉપયોગકર્તાની ઓળખ), (૨) સંપર્કની તારીખ અને સમય, (૩) તમે જેના સંપર્કમાં આવ્યા હોવ તેવા બીજા COVIDSafe ઉપયોગકર્તાના બ્લુટુથની સિગ્નલ સ્ટ્રેન્થ, અને (૪) ફોનનું મોડેલ અને તે ક્યારે બન્યો હતો તે. આ માહિતી તે બીજા ઉપયોગકર્તાના ઉપકરણમાં પણ નોંધાશે અને ગુપ્ત સંજ્ઞાઓ કે ચિન્હોમાં ફેરવાઇને તેનો સંગ્રહ થશે.

દર બે ક્લાકે એક એનક્રિપ્ટેડ યુઝર આઇડી બનશે. જો સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા દરમ્યાન તમારી ઓળખ સ્થાપિત કરવાની જરૂર પડે તો તે, ડિજીટલ ટ્રાન્સફોર્મેશન એજન્સી દ્વારા સંચાલિત રાષ્ટ્રીય COVIDSafe માહિતી સંગ્રહ **(માહિતી સંગ્રહ)**માં નોંધાશે,.

સ્થળની કોઇ માહિતી (માહિતી કે જેનાથી તમારી હિલચાલ જાણી શકાય) ક્યારેય એકત્રિત કરવામાં આવશે નહિં. કોઇ પણ ઉપયોગકર્તા તેમના ઉપકરણ પર સંગ્રહાયેલી સંપર્ક માહિતી જોઇ/મેળવી શકશે નહિં કેમ કે, તે ગુપ્ત (સંજ્ઞાઓ કે ચિન્હો) હશે. સંપર્ક માહિતીને ગુપ્ત સંજ્ઞાઓમાંથી સમજી શકાય તેવી માહિતીમાં ફેરવવાનો કોઇ પણ પ્રયાસ ગુનો છે. જે તે ઉપકરણમાં સંગ્રહ થયેલ સંપર્ક માહિતી આપોઆપ ૨૧ દિવસ પછી નાશ પામશે.

જ્યાં સુધી જે તે COVIDSafe ઉપયોગકર્તા, જે તે ઉપકરણમાં સંગ્રહ થયેલ સંપર્ક માહિતી, માહિતી સંગ્રહ પર અપલોડ કરવાની સંમતિ ના આપે, ત્યાં સુધી અમે આવી કોઇ માહિતી મેળવી કે આરોગ્ય અધિકારીઓ સાથે તે વહેંચી શકતા નથી.

### જો તમારી COVID-19ની તપાસ હકારાત્મક આવે તો

આરોગ્ય અધિકારી તમારો સંપર્ક કરશે અને માહિતી સંગ્રહમાં તમારો ફોન નંબર દાખલ કરી એક પિન નિર્માણ કરાવીને તે તમને એસએમએસ દ્વારા મોકલવા માટે તમારી સંમતિ માંગશે.

જો તમે તે પિન દાખલ કરશો તો, તે રીતે, તમે તમારા ઉપકરણમાં રહેલી સંપર્ક માહિતીને, આરોગ્ય અધિકારીઓ સાથે વહેંચીને સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા શરૂ કરવા માટે, માહિતી સંગ્રહમાં અપલોડ કરવાની સંમતિ આપો છો.

જો અન્ય કોઇ ઉપયોગકર્તાની COVID-19ની તપાસ હકારાત્મક આવે તો, તેઓ તેમની સંપર્ક માહિતી અપલોડ કરી શકે છે, કે જેમાં તમારો એમની સાથે જે કાંઇ સંપર્ક હોય તે માહિતીનો પણ સમાવેશ થાય છે.

## અંગત માહિતી કેવી રીતે એકત્રિત કરવામાં આવશે ?

COVIDSafe નો ઉપયોગ સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે. તમે કોઇપણ સમયે COVIDSafe નો ઉપયોગ કરવાનું શરૂ કરી શકો છો અથવા તેને સદંતર કાઢી નાખી શકો છો.

COVIDSafe ના તમારા ઉપયોગના ભાગરૂપે અમે એકત્રિત કરીશું:

- એસએમએસ દ્વારા મોકલવામાં આવેલી પિન તમે સફળતાપૂર્વક દાખલ કરી દો પછી, તમારી નોંધણીની માહિતી
- જ્યારે COVIDSafe એપ તમારા ઉપકરણમાં ખુલ્લી અથવા ચાલુ હોય ત્યારે, તમારા એન્ક્રિપ્ટ (ગુપ્ત) થયેલ યુઝર આઇડીની માહિતી
- જ્યારે તમે આરોગ્ય અધિકારી, તમારી સંપર્ક માહિતી અપલોડ કરી શકવાના હેતુથી તમને એક એસએમએસ મોકલે તે માટે તમે સંમત થાવ તો, તમારી COVID-19ની તપાસ હકારાત્મક આવી છે, તે માહિતી
- જ્યારે તમારી COVID-19 ની તપાસ હકારાત્મક આવે અને તમારા ઉપરકરણમાં રહેલી તમારી સંપર્ક માહિતી અપલોડ કરવાનું પસંદ કરો તો, તમારી સંપર્ક માહિતી.
- અન્ય COVIDSafe ઉપયોગકર્તાની સંપર્ક માહિતી, જ્યારે તે ઉપયોગકર્તાનું COVID-19 પરિક્ષણ હકારાત્મક આવે અને તેઓ તેમના ઉપકરણ પર રહેલી તેમની સંપર્કની માહિતી, કે જેમાં તમારા તેમની સાથેના સંપર્કની માહિતી પણ હોય શકે છે, અપલોડ કરવાનું પસંદ કરે.

કોઇ પણ ઉપયોગકર્તાને COVIDSafe નો ઉપયોગ ચાલુ કરવાનું કે કરતા રહેવાનું અથવા માહિતી સંગ્રહમાં સંપર્ક માહિતી અપલોડ કરવાનું દબાણ થતું લાગવું ન જોઇએ. *ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮* હેઠળ આ પ્રતિબંધિત છે. જો તમને દબાણ થતું લાગે તો, ઓસ્ટ્રેલિયાના માહિતી આયોગની કચેરી (Office of the Australian Information Commissioner), અને/અથવા ઓસ્ટ્રેલિયાની ફેડરલ પોલીસને ફરિયાદ કરી શકો છો.

## અંગત માહિતીનો સંગ્રહ કેવી રીતે કરવામાં આવશે?

અમે માહિતી સંગ્રહમાં બધી જ નોંધણી વિષેની માહિતીઓ, એન્ક્રિપ્ટ થયેલ યુઝર આઇડીઓ અને સંપર્ક માહિતીઓનો સંગ્રહ કરીશું. તે એક ક્લાઉડ-બેઝ્ડ (દૂરના સ્થળે આવેલું હોય તેવું) વ્યવસ્થા છે, કે જે ઓસ્ટ્રેલિયા સ્થિત માળખું વાપરે છે, જેને માહિતી સંગ્રહ માટે 'સુરક્ષિત' સુધીના સુરક્ષા સ્તર માટે યોગ્ય ગણવામાં આવ્યું છે.

ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮ની જરૂરિયાત મુજબ, જે દિવસે આરોગ્ય મંત્રી COVIDSafe માહિતી સમયગાળાનો અંત આવ્યાનો નિર્ણય લેશે, તે દિવસ પછી જેમ બને તેમ જલ્દી અમે માહિતી સંગ્રહમાં રહેલ બધી જ માહિતીનો નાશ કરી દઇશું.

સંપર્કના ૨૧ દિવસ પછી સંપર્ક વિષેની તમારા ઉપકરણ પર રહેલી બધી જ માહિતીનો આપોઆપ નાશ થશે. જો તમે તમારા ઉપકરણમાંથી COVIDSafe કાઢી નાંખશો કે તમારી સંપર્ક માહિતી, માહિતી સંગ્રહમાં અપલોડ કરશો તો પણ તે નાશ પામશે.

## અંગત માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે અને તેને કેવી રીતે જાહેર કરવામાં આવશે?

આરોગ્ય અધિકારીઓ સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા કરી શકે તે માટે અમે તમારી અંગત માહિતીનો ઉપયોગ કરીશું અને તેને જાહેર કરીશું. તેમાં:

- તમારા નંબરની પુષ્ટિ કરવા અથવા તમારી સંપર્ક માહિતી અપલોડ કરવા તમને એક એસએમએસ મોકલવા, તમારા મોબાઇલ નંબરનો ઉપયોગ કરીશું
- છેલ્લા ૨૧ દિવસમાં હકારાત્મક તપાસવાળા COVIDSafe ઉપયોગકર્તાના સંપર્કમાં આવેલા બીજા COVIDSafe ઉપયોગકર્તાઓને **(સંપર્ક-ઉપયોગકર્તાઓ)** ઓળખવા, અપલોડ કરવામાં આવેલ સંપર્ક માહિતીમાંના એન્ક્રિપ્ટ થયેલ યુઝર આઇડીઓનો ઉપયોગ
- સંપર્કમાં આવેલાઓને શોધવાની પ્રક્રિયા કરી શકે તે માટે આરોગ્ય અધિકારીઓને સંપર્ક-ઉપયોગકર્તાઓની નોંધણીની માહિતી અને સંપર્ક માહિતીઓ પ્રદાન કરવી, નો સમાવેશ થાય છે.

સંપર્ક-ઉપયોગકર્તાઓને તેમના રાજ્ય અથવા પ્રદેશ દ્વારા જરૂરી (જેમકે પોતે બીજાઓથી દૂર રહેવું) પગલાં લેવાની સલાહ આપવામાં આવી શકે છે. આ પગલાંનું પાલન કરવામાં નિષ્ફળતા, જે તે રાજ્ય અથવા પ્રદેશના કાયદાનો ભંગ હોય શકે છે.

નીચેના માટે પણ, અમે તમારી અંગત માહિતીનો ઉપયોગ કરીશું અથવા તેને જાહેર કરીશું:

- COVIDSafe અથવા માહિતી સંગ્રહની યોગ્ય કામગીરી, નીતિમયતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા
- ઓળખ જાહેર કર્યા વગર COVIDSafe મારફતે કૂલ કેટલી નોંધણી થઇ છે તે આંકડાકીય માહિતી તૈયાર કરવા
- જ્યારે તમે માહિતી સંગ્રહમાં રાખવામાં આવેલી અંગત માહિતી નાશ કરવાની વિનંતી કરો ત્યારે, સાચી માહિતીનો નાશ થઇ રહ્યો છે તેની ખાતરી કરવા
- માહિતી આયોગને *ગોપનીયતા અધિનયમ ૧૯૮૮*ના ભાગ ૮ હેઠળ સત્તા હાથ ધરવા અથવા તે સંબંધમાં કાર્યો કરવા

- જો જરૂર હોય તો, *ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮* ભાગ ૮ હેઠળ અધિનિયમનો ભંગ થવા બાબતમાં તપાસ કરવા અને કાર્યવાહી કરવા

અમે બીજા કોઇ હેતુ માટે તમારી અંગત માહિતીનો ઉપયોગ કે જાણ નહિં કરીએ.

## શું અંગત માહિતી કાઢી નાંખી શકાય?

તમે કોઇ પણ સમયે COVIDSafe કાઢી નાંખી (અનઇન્સ્ટોલ) શકો છો. તેમ કરવાથી તમારા ઉપકરણમાં સંગ્રહ થયેલી બધી જ માહિતી આપોઆપ જ નાશ પામશે અને બીજા ઉપયોગકર્તાઓને તમારી સંપર્ક માહિતી એકત્રિત કરતા અટકાવશે.

COVIDSafe કાઢી નાખવાથી માહિતી સંગ્રહમાં અપલોડ થઇ ચુકેલી તમારી કોઇ માહિતી, કે છેલ્લા ૨૧ દિવસમાં બીજા ઉપયોગકર્તાના ઉકરણમાં નોંધાયેલ તમારી કોઇ પણ સંપર્ક માહિતી આપોઆપ નાશ નહિં પામે, જે હજી પણ માહિતી સંગ્રહ પર અપલોડ કરી શકાય છે અને સંપર્કમાં આવનારાઓને શોધવાના હેતુથી ઉપયોગમાં લઇ શકાય છે. જો તમે ઇચ્છતા હો કે, માહિતી સંગ્રહમાં અપલોડ થયેલ તમારી કોઇ પણ સંપર્ક માહિતી નાશ કરવામાં આવે તો તમે સ્પષ્ટપણે ખાતાને તમારી માહિતી નાશ કરવાનું કહી શકો છો (ask the Department to delete your information).

## શું ઉપયોગકર્તા અંગત માહિતીને સુધારી શકે અથવા તે મેળવી શકે?

તમે:

- COVIDSafe કાઢી નાખીને અને ફરીથી નાખીને તમારી નોંધણીની માહિતી બદલી શકો છો
- અમારી પાસે માહિતી સંગ્રહમાં રહેલી નોંધણીની માહિતી, તમે અમારો સંપર્ક કરીને નાશ કરાવી શકો છો
- COVIDSafeમાં સાચી માહિતી નોંધી શકો છો

COVIDSafe માં રહેલી તમારી માહિતીની મહત્તમ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, માહિતી સંગ્રહમાં રહેલી તમારી માહિતી સુધી તમે પહોંચી નહિં શકો.

## ગોપનીયતા વિશે વધુ માહિતી

COVIDSafe એપ અને તમારા ગોપનીયતા અધિકારો વિષે વધુ માહિતી માટે ઓસ્ટ્રેલિયાના માહિતી આયોગની કચેરીએ, ઓસ્ટ્રેલિયાની સરકારની COVIDSafe એપને *ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮* કેવી રીતે લાગુ પડે છે, તેની રૂપરેખા આપી છે.

## ખાતાને સંપર્ક કરો



**COVIDSafe ગોપનીયતા પૂછપરછ અને ફરિયાદ**

COVIDSafe ગોપનીયતા વિષે વધુ માહિતી માટે અથવા ગોપનીયતા વિષે પૂછપરછ કરવા અથવા ફરિયાદ નોંધાવવા અમારો સંપર્ક કરો

ગોપનીયતા અધિકારી privacy@dta.gov.au

ફોન ૦૨ ૬૧૨૦ ૮૭૦૭

ટપાલ માટેનું સરનામું:

ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એજન્સી

જીપીઓ બોક્સ ૪૫૭, કેનબેરા, એસીટી ૨૬૦૧

ગોપનીયતા અધિકારી, સામાન્ય પ્રકારની પૂછપરછને ઓસ્ટ્રેલિયાની સરકારના આરોગ્ય ખાતાને જવાબ આપવા મોકલશે. ગોપનીયતા અધિકારી ગોપનીયતા વિષેની કોઇ પણ વ્યક્તિગત ફરિયાદ પર *ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮*ની જોગવાઇ મુજબ કામ કરશે જેમાં, ગોપનીયતા ભંગ અંગેની બાબતોની ઓસ્ટ્રેલિયાના માહિતી આયોગની કચેરીને તપાસઅર્થે જાણ કરવાની જરૂરિયાતનો પણ સમાવેશ થાય છે.

વૈકલ્પિક રૂપે, તમે:

- ઓસ્ટ્રેલિયાના માહિતી આયોગની કચેરીને સીધી ફરિયાદ કરી શકો છો અને/અથવા
- ઓસ્ટ્રેલિયાની ફેડરલ પોલીસને ફરિયાદ કરી શકો છો

**છેલ્લો સુધારો:**

૦૭ જુલાઇ ૨૦૨૦

ટેગ્સ:

- ચેપી રોગો
- કટોકટીમાં સ્વાસ્થ્ય વ્યવસ્થાપન